ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૭ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા



ઉનાળુ વેકેશન અને સમર કેમ્પ. સમર કેમ્પ એટલે કે જયાં બાળકો ગ્રુપમાં ભેગા થઈ એવી પ્રવૃત્તિઓ કરે છે કે જેનાથી તેઓ આનંદ મજા-મસ્તી કરે જ છે પણ સાથે સાથે પોતાનામાં રહેલી પ્રતિભાને ઓળખે છે, ભણતરની સાથે ગણતર મેળવે છે. કંઈક નવું શીખે, જાણે છે અને એનાથી તેમના આત્મવિશ્વાસમાં પણ વધારો થાય છે. શહેરમાં ઘણી ખાનગી શાળાઓમાં સમર કેમ્પ દર વર્ષે યોજાય છે પરંતુ ખુશીની વાત એ છે કે હવે સરકારી શાળાઓના બાળકો માટે પણ શાળામાં સમર કેમ્પ યોજાવાનું શરુ કરાયું છે. જે અંતર્ગત સેકટર-૯ અને ૭ની સરકારી શાળામાં બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અનુભવી નિષ્ણાંતો આવા સમર કેમ્પમાં પોતાનો સમય ફાળવી બાળકોને તેમનામાં રહેલી કલા-કૌશલ્યને ઓળખવામાં મદદરુપ થઈ રહ્યા છે.

# સે-૨૧ સ્વિમીંગ પુલમાં ડુબી જતા પ્રૌઢનું મૃત્યુ

## સે-૨માં રહેતા પ્રૌઢ નિત્ય ક્રમ મુજબ સ્વિમીંગ કરવા ગયા હતા ને પાણીમાં જ હાર્ટ એટેક આવી ગયો

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૨ ખાતે રહેતા પ્રૌઢ ગઈ કાલે સાંજે નિત્યક્રમ મુજબ સે-૨૧ જીમખાનામાં સ્વિમીંગ પુલમાં તરણ કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક સ્વિમીંગ પુલમાં ડુબી ગયા હતા. તાત્કાલીક તેમને પુલની વચ્ચેથી બહાર કાઢી ખાનગી હોસ્પિટલ અને ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવતા હાર્ટ એટેક આવી જતા મૃત્યુ થયું હોવાનું બહાર આવ્યું છે. સ્વિમીંગ પુલમાં તરતી વખતે એટેક આવી જતા પ્રૌઢના થયેલા મૃત્યુની ઘટનાથી જીમખાનામાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ સેકટર-૨સી પ્લોટ નં. ૮૧૩/૧ ખાતે રહેતા ૫૦ વર્ષીય સંજયભાઈ દિનેશભાઈ પટેલ પહેલા બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સંજયભાઈ પટેલ દરરોજ સવાર સાંજે સે-૨૧ જીમખાનામાં સ્વિમીંગ પુલ ખાતે સ્વિમીંગ કરવા જતા હતા. ગઈ કાલે સાંજે સવા સાત વાગ્યાના અરસામાં અચાનક પુલમાં તરતા તરતા સંજયભાઈ ડુબી ગયા હતા. તાત્કાલિક તેમનો આશ્કા હોસ્પિટલ લઈ જવાયા હતા. જો કે ત્યાં સુધીમાં તેમણે અંતિમ શ્વાસ લઈ લીધો હતો. ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. સે-૨૧ પીએસઆઈ એચ.કે. શ્રીમાળીએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવતા હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ઘટના અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વેકેશનને પગલે ઈન્દ્રોડા પાર્ક અને અક્ષરધામમાં પ્રવાસીઓની ભારે ભીડ

ગાંધીનગર, તા.૨

ઉનાળુ વેકેશનને લઈ ગાંધીનગરના મુખ્ય પ્રવાસન સ્થળ ઈન્દ્રોડા પાર્ક અને અક્ષરધામ મંદિર ખાતે પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી લોકો ખૂબ મોટી સંખ્યામાં આ પ્રવાસન સ્થળોમાં ઉમટી રહ્યા છે અને પરિવારના સભ્યો તેમજ મિત્રો સાથે મોજ મસ્તીના મૂડમાં વેકેશનનો આનંદ માણી રહ્યા છે.

સમગ્ર રાજયમાં શાળા કોલેજમાં વેકેશન પડી ગયું છે. બાળકો હાલ અભ્યાસ કાર્યમાંથી મુકત થાય છે. બાળકો ઉનાળામાં વિવિધ પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે. ઉપરાંત બાળકોને વેકેશનની મજા કરાવવા પરિવારજનો વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે જેના પગલે ગાંધીનગરના આકર્ષણના કેન્દ્રો ઈન્દ્રોડા પાર્ક અને અક્ષરધામ મંદિર પ્રવાસીઓને ખૂબ મોટી સંખ્યામાં આકર્ષી રહ્યા છે.

ઈન્દ્રોડા પાર્ક ખાતે દૂર દૂરથી પરિવાર બાળકો સહિત ઉમટી રહ્યા છે ઉપરાંત વિવિધ સંસ્થામાંથી નેચર એજયુકેશન માટે પણ બાળકો ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસન સ્થળમાં બોટનીકલ ગાર્ડન, પક્ષી ગૃહ અને ડાયનાસોર પાર્ક લોકોને ખૂબ આકર્ષી રહ્યા છે. જયારે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરો પણ બર્ડ વોચીંગ માટે અહીં આવવાનું પસંદ કરી રહ્યા છે. શહેરના બીજા મુખ્ય પ્રવાસન સ્થળ સ્વામીનારાયણ અક્ષરધામ મંદિરમાં પણ દેશ વિદેશથી સહેલાણીઓ આવી રહ્યા છે અને રજાની મજા આનંદ અને ઉલ્લાસથી માણી રહ્યા છે.

# કોલવડામાં ખુલ્લેઆમ વરલીનો જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં પટેલ ભાગોળ જોગણી માતાના મંદિર પાસે ખુલ્લામાં કેટલાક શખ્સો જુગાર રમાડી રહ્યા હોવાની બાતમી આધારે પેથાપુર પીએસઆઈ એલ.એસ. ચૌધરીની ટીમે દરોડો પાડયો હતો. ગઈ મોડી સાંજે દરોડો પાડી પેથાપુર પોલીસે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહેલા અશોક કેશા ઠાકોર, રમતા બળદેવ ઠાકોર, કનુ કેશા ઠાકોર, મોટી આદરજના જુહા રીમા ઠાકોર અને પાલજના રતન કેશર બિહોલા મળી પાંચ શખ્સોને રૂ. ૧૧,૮૫૦ના રોકડ મુદ્દામાલ તથા સ્લિપબુકો સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એક વર્ષથી વોન્ટેડ કેબલ ચોરો આખરે ઝડપાયા

## કલોલ તાલુકા પોલીસે છત્રાલ ચામુંડા કટ પાસેથી બંનેને પકડી પાડયા

ગાંધીનગર, તા.૨

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં કેબલ ચોરી કર્યા બાદ એક વર્ષથી નાસતા ફરતા બે શખ્સોને કલોલ તાલુકા પોલીસે ચોકકસ બાતમી આધારે છત્રાલ ચામુંડા કટ પાસેથી પકડી પાડયા છે. તાલુકા પોલીસે બંનેની ધરપકડ કરીને ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

જિલ્લાના કલોલ તાલુકા પી.આઈ. નિરજ પટેલની સુચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા કવાયત શરુ કરી છે. દરમિયાન સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ એમ.એચ. દેસાઈ તેમની ટીમ સાથે પેટ્રોલીગમાં છત્રાલ જીઆઈડીસી પાસે હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિપુલકુમારને ખાનગી બાતમી મળી હતી કે



વર્ષ ૨૦૧૭માં પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આઈપીસી કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના નાસતા ફરતા બે આરોપીઓ છત્રાલ ચામુંડા કટ પાસે ઉભા છે. આ બાતમી આધારે ટીમે સ્થળ પર થઈ બંને આરોપીઓ જુબેર હુસેન ઈકબાલ હુસેન શેખ અને અકરમહુસેન ઈકબાલ હુસેન શેખ (રહે. મંડાલી, મહેસાણા)ને દબોચી લઈ બંનેની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

# આજે હિન્દી સાહિત્યકાર કેદારનાથ સિંહની કવિતા પઠનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨

હિન્દી સાહિત્યના સુપ્રસિધ્ધ કવિ તથા વિવેચક કેદારનાથ સિંહને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ તા. ૩જી મે ગુરુવારના રોજ સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ સમિતિ ખંડમાં સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કેદારનાથ સિંહની કવિતાઓનું પઠન તથા તેમના વ્યકિતત્વ અંગે ચર્ચા કરવા સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરના પ્રાધ્યાપક પ્રમોદ તિવારી ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે કેદારનાથ સિંહનો પહેલો સંગ્રહ 'અભી બિલ્કુલ અભી'થી માંડીને તેમના છઠ્ઠા કાવ્ય સંકલન 'બાઘ' સુધીની રચનાઓના ભંડારને કારણે તેઓ જાણીતા છે. તેમની રચનાઓમાં ગામ, પરીવાર, પિતા, પ્રકૃતિની સાથે સાથે આધુનિકતા અને શહેરી જીવનની વિડંબણાઓ તાદશ્ય થાય છે. આવા સર્જનકારને આવતીકાલે શ્રધ્ધાંજલિ અર્પવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના સાહિત્ય રસિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સિવિલમાં ગત સપ્તાહમાં ઝાડા-ઉલ્ટીના ૮૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨


ઉનાળાની આકરી ગરમીને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત્ અઠવાડીયામાં ઝાડા-ઉલ્ટીના ૮૦ કેસ નોંધાયા છે. ત્યારે મચ્છરજન્ય રોગચાળાએ પણ માથુ ઉંચકયુ હોય તેમ લાગી રહ્યું છે. સાદા મેલેરીયાના-૧૩ કેસ, ટાઈફોઈડના-૧૧ કેસ, કમળાના-૩ કેસ તેમજ ડોગ બાઈટના ૬૯ કેસ નોંધાયા છે. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં અખાદ્ય ચીજવસ્તુ નાગરીકો આરોગવના પગલે ઝાડા-ઉલ્ટીના કેસ જોવા મળે છે.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો દિન પ્રતિદિન ઉંચે જઈ રહ્યો છે. ગરમીને પગલે નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. નગરજનો કામ સિવાય ઘરની બહાર નીકળતા નથી તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ગત સપ્તાહમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંના ચોપડે ઝાડા-ઉલ્ટીના ૮૦ કેસ નોંધાયા છે. શહેરમાં ઠેર ઠેર બિનઆરોગ્યપ્રદ ખોરાકની હાટડીઓ ખુલી ગઈ છે. નાગરીકો આકરી ગરમીમાં પણ જે મળ્યુ તે ખાવાનો આગ્રહ રાખતા હોય છે પરિણામે બિમારીમાં સપડાય છે. શહેરમાં રસના કોલા, લીંબુ સિંકજી, સહિત ખાણીપીણીની લારીઓ બિમારીના ઘર ગણાય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ગરમીને પગલે ઝાડા-ઉલ્ટીની સાથે સાથે ટાઈફોઈડ, મેલેરીયા, કમળાના કેસ પણ સામે આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. શહેરમાં ખોરાક ઔષધનિયમન તંત્ર દ્વારા શહેરની રેકડીઓ પર મળતા ખોરાકની તપાસ કરવી આવશ્યક બની જવા પામી છે. શહેરમાં પાણી જન્ય અને મચ્છર જન્ય રોગચાળાએ માથું ઉંચકતા નાગરીકોએ પણ સાવચેત રહેવાની જરુર છે.

# પુલ ઉપર એકટીવા મુકી યુવતીએ કેનાલમાં પડતુ મુકયુ

## લીંબડીયા નર્મદા કેનાલમાં કોઈ કારણોસર યુવતીએ છલાંગ લગાવી : બહિયલના તરવૈયાઓની ટીમે શોધખોળ શરુ કરી

ડભોડા નજીક આવેલા લીંબડીયા નર્મદા કેનાલના પુલ ઉપર એકટીવા પાર્ક કરીને એક યુવતીએ કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી. ઘટનાની જાણ પોલીસને થતા ટીમ સ્થળ પર આવી પહોંચી હતી. કેનાલ સિકયુરીટી ગાર્ડ અને બહિયલના તરવૈયાઓ દ્વારા કેનાલમાં યુવતીની શોધખોળ શરુ કરવામાં આવી છે જો કે મોડી સાંજ સુધી તેની ભાળ મળી આવી ન હતી.



લીંબડીયા નર્મદા કેનાલના સિકયુરીટી ગાર્ડ પ્રવિણજી ઠાકોરને જાણ થઈ હતી કે એક યુવતી જીજે ૨૭ એ.એસ. ૫૨૯૨ નંબરનું એકટીવા લઈને લીંબડીયા પુલ પાસે આવી હતી અને બપોરે ચારેક વાગ્યાના અરસામાં તે યુવતીએ એકટીવા પુલ પાસે પાર્ક કરી કેનાલમાં છલાંગ લગાવી દીધી હતી. પોલીસ અને યુવતીના પરિવારજનો સ્થળ પર આવી પહોંચ્યા હતા. યુવતીને કોલેજની પરીક્ષાના નબળા ગયેલા પેપર બાબતે પરિવારજનોએ ઠપકો આપ્યો હોવાથી તે રીસાઈને નીકળી ગઈ હોવાની ચર્ચા ચાલી રહી હતી. નરોડાથી પરિવારજનો સ્થળ પર આવી ગયા હતા. કેનાલ સિકયુરીટી ગાર્ડ અને બહિયલના તરવૈયાઓની ટીમે કેનાલમાં કુદેલી યુવતીની શોધખોળ આરંભી છે. બપોરથી મોડી સાંજ સુધી હાથ ધરાયેલી શોધખોળને અંતે પણ તેણીના કોઈ સગડ મળ્યા ન હતાં.

# જલારામ હોસ્પિટલ દ્વારા મેજર બોડી ચેક-અપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૬ અપના બજાર પાસે આવેલ જલારામ હોસ્પિટલ ખાતે આગામી તા. ૬ મે ને રવિવારના રોજ સવારે ૯ થી ૫ કલાક સુધી જલારામ મેજર બોડી ચેક-અપ પ્રોફાઈલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઓર્થોપેડીક વિભાગના ડોકટર દ્વારા શરીરના હાડકામાં કેલ્શીયમની માત્રા બતાવતો ટેસ્ટ વિનામુલ્યે કરી આપવામાં આવશે. જયારે મેજર બોડી ચેકઅપ માત્ર નજીવા દરે કરવામાં આવશે.

ગાંધીનગર જલારામ હોસ્પિટલ દ્વારા આયોજીત મેજર બોડી ચેકઅપ પ્રોફાઈલ ચેકઅપ કેમ્પમાં ઓર્થોપેડીક, ફિઝીશીયન, યુરોલોજી, સાઈકયાટ્રીક સહિતના તબિબો હાજર રહેશે. આર્થોઈટીસ વિશે સંપૂર્ણ માહિતી અને વિવિધ ટ્રીટમેન્ટની માહીતી આપાવમાં આવશે.જયારે કેમ્પમાં રજીસ્ટ્રેશન કરાવનાર દર્દીઓ માટે ખાસ વ્યાજબી કિંમતે વિદેશી સાંધો ફીટ કરી આપવામાં આવશે. જયારે વાની તપાસમાં આરએ, યુરીક એસીડ, તેમજઈએસઆર સીઆરપી સહિતના ટેસ્ટ માત્ર રૂ.૪૦૦, જયારે ઈસીજી માત્ર ૫૦માં કરી આપવામાં આવશે જયારે દવાઓ રાહત દરે મળશે. ઓર્થોપેડીકમાં તબિબિ સેવા ડો. હાર્દિકસિંહ વાઘેલા આપશે. જયારે ફિજીશીયન વિભાગમાં સવારે ૯ થી ૧ કલાક દરમિયાન કેમ્પ કાર્યરત રહેશે. જેમાં હદયરોગ, ફેફસાના રોગો તથા ડાયાબિટીસ ચેક કરવામાં આવશે. ફિજીશીયન તરીકે ડો.કે.એ. તલાસાણીયા તેમજ મેડીસીન એમડી તરીકે ડો. મયંક પટેલ હાજર રહેશે. પેશાબને લગતા તમામ રોગની સારવાર માટે યુરોલોજીમાં ડો. રાઘવેન્દ્ર કશ્યપ તેમજ માનસીક રોગ તેમજ ઉંઘની બિમારીમાં સાઈકયાટ્રીકમાં ડો. જીગ્નેશ ચૌધરી હાજર રહેશે. જયારે સીબીસી વીથ ઈએસઆર, ટીએસએચ, ક્રીએટીન, એસજીપીટી, પીટી, કેલ્શીયમ, યુરીન, આરએમ, કોલેસ્ટેરોલ, આરબીએસ તેમજ વીટામીન બી-૧૨ સહિતના ટેસ્ટ માત્ર ૧૪૯૯માં કરવામાં આવશે. આ મેજર બોડી ચેકઅપ કેમ્પનો લાભ લેવા નગરજનોને ડો. હાર્દિકસિંહ વાઘેલાએ અનુરોધ કર્યો છે.

# વિદ્યાર્થીઓએ બનાવ્યુ ભૂકંપ સમયે આશ્રય આપતું અનોખું ટેન્ટ હાઉસ

## બાપુ નોલેજ વિલેજના એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓએ સસ્તુ, હેરફેરમાં સરળ અને વધુ ક્ષમતાવાળુ ટેન્ટ હાઉસ વિકસાવ્યું

ગાંધીનગર, તા.૨

હવે ધરતીકંપ આવે ત્યારે શરણ મેળવવું આસાન થઈ શકશે. ગાંધીનગર પાસેના વાસણ ખાતેની બાપુ નોલેજ વિલેજ સંલગ્ન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે સિવિલ એન્જિનીયરીંગનો અભ્યાસ કરતા છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓએ ભૂકંપ દરમિયાન આશ્રય મેળવવા ઉપયોગી બને તેવા કિફાયતી અને હેરફેરળમાં સરળ એવા ટેન્ટ હાઉસનું નિર્માણ કર્યુ છે. જેમાં એક સાથે ૨૦ થી ૨૫ વ્યકિતઓ આશ્રય લઈ શકશે.

બાપુ નોલેજ વિલેજ ખાતે સિવિલ એન્જિનીયરીંગનો અભ્યાસ કરી રહેલા ધ્રુવ પટેલ, હિતલ પટેલ, ભાર્ગવી પટેલ અને જિજ્ઞાસા સિંધવ દ્વારા તેમના માર્ગદર્શક અભિજિતસિંહ પરમારના માર્ગદર્શન અંતર્ગત આ ટેન્ટ હાઉસ તૈયાર કર્યુ છે. આ ટેન્સ હાઉસની



ખૂબી એ છે કે બજારમાં મળતા રેડીમેઈડ ટેન્ટ જેની આશરે કિંમત ૧૫ હજારથી વધુ હોય છે અને તેમાં માત્ર પાંચ વ્યકિત આશ્રય લઈ શકે છે તેના કરતા વધુ કિફાયતી અને વધુ ક્ષમતા ધરાવે છે. આ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ ટેન્ટ હાઉસ આશરે ૧૦ હજારની આસપાસમાં તૈયાર થઈ જાય છે અને તેમાં ૨૦ થી ૨૫ વ્યકિત આશ્રય લઈ શકે છે. ભૂકંપ આવે ત્યારે નષ્ટ પામેલા મકાનોના રહેવાસીઓને આશ્રય આપવાની તાતી જરૂરિયાત હોય છે, વળી તે દરમિયાન આફટર શોક પણ ચાલુ રહેતા હોવાથી સલામત આશ્રયસ્થાન હોવું જરુરી બને છે. જેનો વિકલ્પ આ વિદ્યાર્થીઓએ બનાવેલ ટેન્ટ હાઉસથી મળી રહે છે. વળી, આ સમયે એક સાથે અનેક સ્થળે અનેક વ્યકિતઓને આશ્રય આપવાનો હોઈ હેરફેરમાં સરળ હોય તેવા ટેન્સ હાઉસ વધુ ઉપયોગી બને છે. વિદ્યાર્થીઓએ બનાવેલ ટેન્ટ હાઉસ પીવીસી પાઈપ અને રેકિઝનથી બનેલું છે. જેને પેક કરતા ખૂબ જ ઓછી જગ્યા રોકે છે અને એક જ ટ્રકમાં અંદાજે ૧૫૦થી વધુ ટેન્ટ હાઉસની હેરફેર કરી શકાય છે જેથી એક સાથે અનેક વ્યકિતઓને આશ્રય આપી શકાશે.

### વિશાળ કદ પણ નાનું પેકિંગ

વિદ્યાર્થીઓએ પીવીસી પાઈપ અને રેકિઝનના ઉપયોગથી બનાવેલ ટેન્ટ હાઉસ પેકિંગમાં માત્ર ૧.૫ મીટર x ૧.૫ મીટરની જગ્યા રોકે છે પરંતુ જયારે તેને ખોલીને સ્થાપિત કરવામાં આવે ત્યારે તે ૧૨ મીટર x ૩ મીટરના કદનું ટેન્ટ હાઉસ બને છે જેમાં ૨૦થી વધુ વ્યકિતઓ સમાઈ શકે છે. વળી, તેનું વજન પણ માત્ર પાંચેક કિલો જેટલું હોય છે તેથી હેરફેરમાં ખૂબ સરળ રહે છે.



# જૈન સંઘની પાઠશાળામાં રોહિત જોશીનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની સે-૨૨ ખાતેની પાઠશાળામાં તપોવનના નિવૃત્ત શિક્ષક રોહિત જોશી દ્વારા જૈન ધર્મના ઉત્કૃષ્ઠ સિધ્ધાંતો, ભાષા શુધ્ધિ, સૂત્ર શુધ્ધિ અને પ્રસંગ પરિમલ દ્વારા ભાવવાહી વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ વકતવ્યનો પાઠશાળાના બાળકો તથા શિક્ષિકાઓએ લાભ લઈ પ્રશ્નોત્તરી પણ કરી હતી. જૈન સંઘ દ્વારા રોહિત જોશી પ્રત્યે આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. સંજયકુમાર દિનેશચંદ્ર પટેલ, ઉ.વ. ૫૦
- સ્વ. ફુલાજી રાજાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. તેજાબેન અર્જુનસિંહ બિહોલા, ઉ.વ. ૫૭